સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

રમણ-ભમણ લાયકાતે થશે નમોનમ!
પદની બૂમાબૂમને બદલાની તમાતમ!
ધમાલ, ગમા અણગમા, રીસ, દબાણે દમ!
ભેંસ પાંજરાપોળે ને વલોણાની ધમાધમ!!

હાઈકુ

પડી ન એને,
કોઇ પક્ષ ટેકાની -
ફોડી નાખશે!
(સભ્યોની ખરીદી)

લખ્યા પ્રજાએ,
લેખ ભાવિ ભારત -
મશીને બંધ
(૧૬મી તારીખે છઠ્ઠી)

ચિંતન

અનાગત વિધાતા ચ પ્રત્યુત્પન્ન મિતિશ્ચ યઃ । દ્વાવેવ સુખમેધેતે દીર્ઘસૂત્રી વિનશ્યતિ ॥

'હજી સંકટ ક્યાં આવ્યું છે?' એવું વિચારી જે અગાઉથી સાવચેત થઇ તેના સામનાની તૈયારી કરતો નથી તે ભવિષ્યમાં દુખી થાય છે અર્થાત્ સંકટનો સામનો કરવાની પૂર્વ તૈયારી કરનારો અને પ્રસંગ-પરિસ્થિતિ-આવનારી ઘટનાને ઓળખી જનાર આ બે પ્રકારના માણસ સુધી થાય છે પરંતુ પડશે દેવા દેવાસેની વિચારશ્રેણી વાળા - કે 'પાછી' કરશું - થાય છે, હજુ તૈયારી માટે ઘણો સમય બાકી પડ્યો છે એવું વિચારનારા અને કામ-પૂર્વ તૈયારી આયોજનને પાછું ઠેલનારા નાશ પામે છે.'

કેટલાંક લોકો 'દીર્ઘસૂત્રી' હોય છે ઘરમાં, ઓફિસમાં, સામાજિક ખૂબ કામ બાકી પડ્યાં હોય, છતાંય એમના મન પર કોઇ જ ચિંતા-તત્પરતાનો બોજ હોતો જ નથી. આળશ અને આરામની વૃત્તિવાળા બધું જ કામ 'કોઇ' કરી દેશે એ ભાવનાથી પથારીમાં પડ્યા રહે છે.

જે ઉત્સાહી-તત્પર-ચંચળ-સતપતીયાં હોય અને એક નાનું કામ પણ બાકી હોય ત્યાં સુધી અસુખ રહે છે ઉંઘ આપતી નથી.

લગ્ન (પુત્ર-પુત્રીનાં) જેવા સામાજિક કામ, શિક્ષણ, માંદગીની પૂર્વ ચિંતા કરી લાંબા આયોજનની પણ ચિંતા કરી આયોજન કરી રાખવાં જોઇએ. બેદરકાર-આળશુ-દીર્ઘસૂત્રી લોકો નાશ પામે છે, દુખી દુખી થઇ જાય છે.

સુવિચાર

- સત્ય માતા, જ્ઞાન પિતા, ધર્મ ભાઇ, દયા મિત્ર, શાંતિ પત્નિ, અને ક્ષમા પુત્ર બસ આ છ મારા કાયમના સ્નેહી હોય — *- ધર્મસૂત્ર*
- લોકોના મોઢાને કોણ હાથથી ઢાંકી શકે? — *- સુભાષિત*
- જે સંપત્તિ બીજાને પીડા પહોંચાડીને ધર્મનું ઉલ્લંઘન કરીને કે પોતાના આત્મસન્માનના ભોગે મેળવી હોય તે સંપત્તિ ક્યારેય સુખ ન આપે — *- વિદૂર*
- હે માનવી...!! જો તું બધા વેદોનો પાઠ ન કરી શકે... બધાં યજ્ઞો ન કરી શકે.. બધાં તિર્થોની યાત્રા ન કરી સકે તો પણ તું પ્રાણી માત્ર પર દયા તો ચોક્કસ કરી શકે છે — *- ઉપનિષદ*
- સમય કોઇને મારવા માટે ક્યારેય કોઇ હથિયાર નથી ઉગામતો... પણ જેને મારવો હોય એની વિચારક્ષમતાને હણી લે છે જેથી એને કોઇ સાચી દિશા સૂઝતી નથી — *- સમયસૂત્ર*
- બીજાને માટે કંઇક કરી છૂટવાની ભાવનાવાળા માણસને દુનિયા હંમેશા આદરપૂર્વક યાદ કરે છે.. પણ માત્ર સ્વ માટે જ જીવતા લોકોને દુનિયા ખૂબ જલ્દી ભૂલી જાય છે પછી ભલે ને તે મોટો સમ્રાટ હોય — *- એસ. ભટ્ટાચાર્ય*
- સમજદાર માણસે પોતાની જાતને આટલા પ્રશ્નો વારેવારે પૂછયા કરવા જોઇએ.. મારો મિત્ર કોણ? મારો સમય કેવો ચાલે છે..? મારી આવક અને જાવક કેટલા છે? મારૂં સામર્થ્ય શું છે? — *- જ્ઞાનસૂત્ર*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણા નેતાઓ મહિલાને તેંત્રીસ ટકા અનામત આપવાની ગૂલબાંગો ફૂંકે છે પણ વર્ષોથી સંસદમાં બીલ પાસ થતું નથી અને કોઇ પણ પક્ષ ચૂંટણીઓમાં મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ પણ આપતા નથી, માત્ર રમકડું સમજી રમે, રમાડે છે.

તામિલ સાહિત્યમાં સુબ્રમણ્યમ ભારતીનું કવિ, અને સારા પત્રકાર તરીકે નામ છે, અને એનાથી પણ વિશેષ 'સ્ત્રી સન્માનની ભાવના'ના ઉત્તમ લેખક તરીકે પણ એમનું સ્થાન છે..

એ યુવાનીમાં કોંગ્રસના ગાંધીજીના આદર્શને માનતા-ત્યારે પત્રકારની હૈસિયતથી કોંગ્રેસના અધિવેશનમાં ગયા-અધિવેશનમાં ભગિની નિવેદિતા (બ્રિટીશ-મહિલા અને સ્વામી વિવેકાનંદના શિષ્યા) સાથે મુલાકાત થઇ.. પરિચય હતો તેથી ભગિની એ પૂછ્યું, તમારી પત્નીને કેમ સાથે નથી લાવ્યા? ભારતીએ જવાબ આપ્યો. એ રાજકારણમાં શું સમજે? ભગિનીએ પૂછ્યું, કેમ એ ભણેલી નથી?

ભારતી કહે, ભણેલી તો છે પણ, રાજકારણમાં રસ નહીં.. ભગિનીએ જરા અવાજમાં કડકાઇ લાવી કહ્યું, આમ તમે અર્ધાંગના કહો છો પણ સામાજિક, રાજકીય બાબતોમાં તેને તમે જ પાછળ રાખો છો એ યોગ્ય નથી. ભારતીને ભૂલ સમજાઇ - સ્વીકાર્યું - ત્યારથી જ મહિલા ઉત્થાન માટે લખતા રહ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

જ્ઞાન-સંપત્તિ તથા સત્તાનું સર્જન હાથ વડે જ થાય છે ને શ્રમ વડે પ્રાપ્ત કરી શકાય છે, હાથ ભગવાન સમાન નથી પણ સ્વયં ભગવાન છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

અયં મે હસ્તો ભગવાન્ અયં મે ભગવન્તરમ્
અયં મે વિશ્વભેષઝોડયં શિવાભીમદર્શન:

આ મારો હાથ સ્વયં ભગવાન છે. એ ભગવાન કરતાં પણ વધારે શક્તિશાળી છે. આ હાથ તમામ રોગોની દવા છે. હું વિશ્વવૈદ્ય છું. આ હાથ બધા જ કલ્યાણને ખેંચી લાવનાર તથા તમામ ભયો દુર કરનાર છે.

- અથર્વવેદ

અથર્વવેદનો આ મંત્ર માનવીમાં રહેલ પ્રબળ પુરૂષાર્થની શક્તિ તથા અડગ આત્મશ્રદ્ધા પ્રગટ કરે છે. આત્મશ્રદ્ધાથી તો ખુદ પરમાત્માને પણ પડકારી શકાય. આવાં તો અનેક ઉદાહરણો આપણાં સાહિત્યમાંથી મળે છે. જેમ કે 'વેણી સંહાર' નાટકમાં કર્ણ કહે છે, 'ઉચ્ચ કુળમાં જન્મ આપવો તે ભલે ભગવાનના હાથની વાત હોય, પણ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરવો તે તો મારા હાથમાં છે.' કર્ણ પૂર્ણ પુરૂષાર્થી તથા અડગ આત્મવિશ્વાસ ધરાવતા સમાજનો ભવ્ય પ્રતિનિધિ છે. કર્ણની આ ઉક્તિનો પડઘો પાડતા હોય તેમ અર્વાચીન યુગના મહામાનવ આઇન્સ્ટાઇને પ્રગતિ માટે સાત પગથિયાં ગણાવ્યા છે. તેમાં લક્ષ્ય - સંકલ્પ તથા આયોજન આ ત્રણ પ્રથમ છે. ત્યાર પછી ચાર પગથિયાં માટે 'માત્ર પુરૂષાર્થ, પુરૂષાર્થ ને પુરૂષાર્થ... શબ્દો જ પ્રયોજ્યા છે. વૈદિક યુગ તો સતત કર્મશીલ રહેવાનો યુગ હતો. વેદ કે ઉપનિષદોમાં ક્યાંક સંન્યાસ લેવાની વાત નથી. સંસાર છોડવાની કલ્પના પણ નથી. ભગવાને આપ્યું આ જીવન ભરપેટ ભોગવવા માટે છે. ઇશ-ઉપનિષદમાં સ્પષ્ટ જણાવ્યું છે કર્મ કરતાં કરતાં જ સો વર્ષ જીવો. તૈત્તિરેય ઉપનિષદમાં આનંદ જ બ્રહ્મ છે. તેવી સ્પષ્ટતા છે. પુષ્કળ અન્ન પૈદા કરો તથા સમાજના સૌ સભ્યો સાથે રડી જીવો.' અથર્વવેદના જ એક અન્ય મંત્રમાં જણાવાયું છે કે "સો હાથે કમાઓ ને હજાર હાથે ખર્ચો." તમારી શક્તિ તથા પુરૂષાર્થ પર જ તમારી પ્રગતિનો આધાર છે. જે પ્રાપ્ત કરો તે સમાજમાં વહેંચો. ઋષિ કહે છે, 'હું ડાબા હાથે કામું છું જમણા હાથે દાન કરું છું.'

વૈદિક સમયમાં આત્મશ્રદ્ધા તથા પુરૂષાર્થનું આટલું મહત્ત્વ હતું તો પછી આપણા જીવનમાં 'નશીબમાં હોય તે થાય... ભગવાન જ કર્તા કારવતા છે... ધાર્યું ધણીનું થાય - આપણું કઇ ન ચાલે' તેવી માન્યતાની વિષવેલ ક્યારે પ્રગટી? આ પ્રકારની વિચારસરણીનો પ્રારંભ પુરાણોના સમયથી થયો લાગે છે. પુરાણો-કથાઓમાં ભગવાનને સર્વ-શક્તિમાન, સૌનો આશ્રયદાતા બનાવાયો. માનવી તેનો આશ્રિત થયો... પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી. સાધુ થઇ જીવવામાં લોકો ધન્યતા માનવા લાગ્યા. કર્મના બંધનોમાં બંધાશું તો મુક્તિ નહિ મળે તેવો ડર ફેલાયો. કેટલાક સંપ્રદાયો એ તો કઇ પણ કામ ન કરવા સૂચવ્યું. પરિણામે પુરૂષાર્થ પર ચોકડી મુકાઇ ગઇ. આત્મશ્રદ્ધા વિનાના માનવ ટોળાઓ આમતેમ આથડવા લાગ્યા. આવી માંદલી તથા નપુસંક વિચારધારાના પરિણામો ભારે ભયાનક આવ્યા. રાષ્ટ્ર ગુલામ બન્યું. ઇતિહાસમાં એવા અનેક ઉદાહરણો મળશે જ્યાં માત્ર આત્મવિશ્વાસના અભાવે હાર થઇ હોય. લોકોને પોતાની જાત પર વિશ્વાસ ન રહ્યો. અફીણનો બંધાણી અફીણ લઇ દિવાસ્વપ્નોમાં રાચતો હોય છે. તેમ સાંપ્રદાયિક અફીણની અસર તળે લોકો સ્વર્ગ તથા મોક્ષનાં સ્વપ્નો જોવા લાગ્યા. કર્મ કરવું. ગૃહસ્તાશ્રમ ધારવો એ તો હલકું છે. માત્ર ભગવા પહેરી ફરવું ને માગી ખાવું. તે પ્રતિષ્ઠા પામ્યું. કાર્લ માર્કસે પણ ધર્મને અફીણ સાથે સરખાવ્યો છે. જેનું અતિ સેવન હાનિકારક છે.

આ પરિસ્થિતિનો ઉકેલ શું? તે માટે મૂળ વૈદિક તથા વેદાંત સાહિત્ય પાસે જવું જોઇએ. 'સત્યના પ્રયોગો' માં બાપુએ એક અનુભવ ટાંક્યો છે. 'આ બેલ સાહેબે મારા કાનમાં ઘંટ વગાડ્યો ને હું જાગ્યો.' તેજ રીતે સ્વામી વિવાકનંદે આપણા કાનમાં ઘંટ વગાડ્યો છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ વેદ સુલભ બનાવ્યા છે. ગાયત્રી પરિવાર તરફથી પણ ચાર-વેદ-સહિતા ઉપલબ્ધ છે. સ્વામી વિવેકાનંદ કહે છે 'જુઓ વેદનો આ ઋષિ, કેટલી આત્મશ્રદ્ધા ધરાવે છે... આત્મશ્રદ્ધા ખોઇ બેઠેલા સમાજને તે કહે છે.' મારો હાથ જ ભગવાન છે. આ હાથ વડે જ દુષ્કરમાં દુષ્કર કાર્ય થઇ શકે છે. જ્ઞાન-વિજ્ઞાન કલા તથા સાહિત્ય સૌનો સર્જનહાર આ હાથ છે. હાથ છે એટલે કે પરિશ્રમ છે... અને પરિશ્રમથી શું સિદ્ધ નથી થતું? હાથ જ શ્રમ કરે છે ને સંપત્તિનું સર્જન થાય છે. એ યજ્ઞ કરે છે તપ વડે સમાજમાં ઉચ્ચતા લાવવા મથે છે. એ દાન આપે છે ને સૌને સમાન માને છે. મારે મારા જીવન પુરતું જે જોઇએ તે હાથ વડે પેદા કરી લઉં છું. મને મારા પરિશ્રમનો બદલો મળે છે. મારો આ હાથ સતત કાર્યરત છે. 'કરાગ્રે વસતે લક્ષ્મી' આ મંત્ર આપણે માત્ર રહીએ છીએ. પણ પ્રભાતમાં કર-દર્શન કરી દિવસભરમાં શ્રમ માટે તેને તૈયાર કરતા નથી. જો તૈયાર કરતા હોઇએ તો શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે લક્ષ્મી - સરસ્વતી તથા ગોવિંદ...ની પ્રાપ્તિ થાય. મતલબ જ્ઞાન-સંપત્તિ તથા સત્તાનું સર્જન હાથ વડે જ થાય છે ને શ્રમ વડે પ્રાપ્ત કરી શકાય છે. હાથ ભગવાન સમાન નથી પણ સ્વયં ભગવાન છે.

ઋષિની આ વાત તો તરત ગળે ઊતરે છે. પણ ઋષિ તો આગળ વધે છે. મારો હાથ ભગવાન કરતાં પણ અધિક શક્તિશાળી છે. માનવીનો હાથ અને ભગવાનથી પણ શક્તિશાળી ઘડીભર લાગે કે ઋષિએ વાત ચગાવી છે. પણ મંત્રો ગહન હોય છે. જેમ કે કેન ઉપનિષદમાં આત્માની ઓળખ આપતાં કહ્યુ છે 'તે સાતથી ભિન્ન છે અજ્ઞાતથી પર છે.' સાત પદાર્થ આપણે જે જાણીએ છીએ તે તમામથી આત્મા ભિન્ન છે. પણ અજ્ઞાનથી પર એટલે શું? આત્મા તો અજ્ઞાન જ છે ને... પણ તેની ગહનતા વિચારવી પડે. તેમ ભગવાન કરતાં અધિક શક્તિશાળી એ વાત પણ સમજવી પડે. ઋષિ એમ કહેવા માગે છે કે મારા તમામ સદ્-કાર્યોનાં ફળ ભગવાને આવવા જ પડે. ફળ આપવામાં તે વિવશતા અનુભવો. હું હાથ વડે જે કૃતિ સર્જું તે અનુપમ જ બને. પૂર્ણ થાય ભગવાનને પણ તેની મહત્તા માનવી પડે. અને આમ તો શ્રીમદ્ ભાગવત - પુરાણમાં ભગવાને જ કહ્યું છે મારા ભક્તો મારા માલિકો છે. ભક્તોના કામ કરવા માટે અવશ્ય આવવું પડે છે. સ્વર્ગના સુખ છોડી જો એકનાથજીને ત્યાં પાણી ભર્યું છે. નરસિંહની હુંડી સ્વીકારવા વાણિયો બન્યો છું. ગોરા કુંભારને ત્યાં ગારો ખુંદવામાં પણ મદદ કરી છે.' ભક્તો ભગવાનને પણ નચવી શકે તેટલા સમર્થ હોય છે. અખૂટ શ્રદ્ધા તથા પ્રબળ પ્રેમ ભાવનાથી ભરેલા ભક્તોના વચનો મિથ્યા નથી જતા.

પણ આમ તો અસુરો પણ શક્તિશાળી, પુરૂષાર્થી હતા. પરંતુ તેમની શક્તિ અવળા માર્ગ પર વપરાઇ. વિશ્વ માનવ પર વેદનાના ઊઝરડા અસુરોના કારણે થયા છે. ઋષિ આગળ કહે છે. આ મારો હાથ દવા લઇ આવ્યો છે. હું તો જગતની વેદના પર શિતળ લેપ કરવા આવ્યો છું. મારી પાસે દિવ્ય ઔષધી છે. મારો હાથ કોઇનો નાશ કરવા નહિ પણ સૌને મદદ કરનારો છે. હું વિશ્વવૈદ્ય છું સદ્ભાવ તથા સહકાર માટે મારો હાથ લંબાવું છું. માત્ર તનની નહિ પણ મનની દવા આપું છું. ચિત્તમાં વ્યાપેલા કલેશો, અનેક પ્રકારની વિટંબણાઓ, સતત વિષયભોગ લાલસાઓ - આ માટે જ્ઞાન પીરસવા હું તત્પર છું. જગતમાં જયાં જયાં શુભ તથા કલ્યાણકારી ભાવના છે પદાર્થ છે કે વસ્તુ છે તે તમામ અત્રે તમારી માટે સર્જવા માગું છું. સમાજની પ્રગતિનો રથ સતત આગળ વધતો રહે તે માટે મારા સમર્થ હાથનો ટેકો આપું છું. મારો આ હાથ - મારો પરિશ્રમ કે મારી મહેનત તમારાં ભયને દૂર કરશે. આ હાથ અભયપદ દાતા છે. ભગવાન શ્રીકૃષ્ણે 'અભય' ને દૈવી-સંપદમાં પ્રથમ સ્થાન આપ્યું છે. મહાત્માજીએ આપણને અભયના પાઠ ભણાવ્યા. પણ આપણે તેનો માત્ર સ્થૂળ અર્થ કર્યો. પોલીસનો ભય ગયો તો ચોરી કરવા લાગ્યા. કાયદાનો ડર ઓછો થતાં બિન કાયદેસર કાર્યો થવા લાગ્યા. ઋષિ આ પ્રાકરના અભયની વાત નથી કરતા. એ તો કહે છે તમને મહા ભયમાંથી બચાવ્યું. જગતગુરૂ આદ્ય શંકરાચાર્યે ચાર મહા દુઃખ ગણાવ્યા છે. જન્મ - જરા - વ્યાધિ ને મરણ. આ જીવાત્માને ડર છે મારે વારેવારે જન્મ લેવો પડશે. ગર્ભવાસના કષ્ટો સહન કરવા પડશે. વૃદ્ધાવસ્થા તથા મરણમાંથી મુક્તિ નહીં મળે? ઋષિ કહે છે હું આત્મજ્ઞાન આપી આ ભ્રમમાંથી છોડાવીશ. આત્મજ્ઞાન પામી તમે અમર થઇ જશો. એ રીતે આ હાથ તમને અભયદાન આપશે.

વેદના આ ઋષિ પાસે જે હાથ છે. શક્તિ છે તે આપણી સૌ પાસે છે પણ આપણે પુરૂષાર્થ કરવાનું ભુલી ગયા છીએ. જૈન ધર્મ 'શ્રમણ' કહેવાતો તેનો અર્થ પુરૂષાર્થી તેવો થાય છે. સર-ફ્રાન્સિસ કહે છે પ્રબળ પુરૂષાર્થ પુરો થાય પછી જ પરમાત્મા પાસે મગાય. આપણા માન્યવર કવિ ઉમાશંકરની પંક્તિઓ...માં

"ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક, હાથ...
બહુ દઇ દીધું નાથ, જા ચોથું નથી માગવું...."

હાથની મહત્તા ગવાઇ છે.

હમેં વક્ત પર 'વક્ત' નહીં મિલતા

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

એક ડાહ્યે પિતા હતો. એને પોતાના દીકરાને જીવન માટે તૈયાર કરવો હતો, એટલે તેને એક પાઠ ભણાવવાનું તેણે નક્કી કર્યું, ખિસ્સા ખર્ચ માટે તે દીકરાને મહિને મહિને પૈસા આપતો, તેને બદલે હવે તેણે નવી યોજના વિચારી.

પિતાની યોજના હતી કે, હું રોજ મારા દીકરાને એક રૂપિયો આપું, આમ ગણતરી કરીએ તો ત્રીસ રૂપિયા થાય, અને યુવાન માણસને માટે એ ઓછી રકમ તે સમય માટે ન કહેવાય. એમાંથી એને રોજ જોઇએ એવી નાની નાની જરૂરિયાતોની વ્યવસ્થા થાય, અને કોઇ મોટું ખર્ચ હોય તો એ સીધું પિતાના ખિસ્સામાંથી આપશે એટલે એને ચિંતા નહોતી.

આ રીતે છોકરાને રોજ એક રૂપિયો મળે. પણ તે માટેની એક શરત હતી... જે દિવસે એ રૂપિયો મળ્યો છે એ જ દિવસે રૂપિયો ખર્ચવાનો છે. શામાં ખર્ચવાનો છે તે એની મરજીની વાત. તેમાં તેની સ્વતંત્રતા, એનો વિવેક, એની નિર્ણયશક્તિ કેળવાય. આઇસક્રીમ ખાવો હોય તો ખાય એને મેગેઝિન ખરીદવું હોય તો ખરીદે. ભિખારીને આપવો હોય તો આપે અને જુગારમાં વેડફવો હોય તો વેડફી દે. એની મરજી રહેશે તેની જવાબદારી રહેશે. પરંતુ એક ખ્યાલ એ મનમાં અચૂક રાખે, જો એ રૂપિયો આવતી કાલનો તેની પાસે રહેશે તો એ લઇ લેવામાં આવશે... આજે સવારે એ રૂપિયો મળ્યો હતો... આજે ખર્ચવાનો હતો... જો આળસમાં કે દ્વિધામાં એ ખર્ચવાનું ચૂકી ગયો હોય તો તેને કોઇ વઢશે નહીં કે ધમકાવશે નહીં, પરંતુ શાંતિથી એ રૂપિયો એની પાસેથી લઇ લેશે. પરંતુ શાંતિથી એ રૂપિયો એની પાસેથી લઇ લેશે. હા આવતી કાલે બીજો રૂપિયો આપશે... પણ આજનો રૂપિયો હજી તેની પાસે હતો તે એની પાસેથી લઇ લેવામાં આવશે... અને પછી જ બીજો આપશે...

યોજના સ્પષ્ટ રીતે છોકરાને સમજાવવામાં આવી હતી તે એ સમજી ગયો. કબૂલ થયો. યોજનાનો આરંભ થયો. સવારે પિતાએ દીકરાના હાથમાં એક રૂપિયો મૂક્યો. રૂપિયાની એક નવી નોટ હતી. શરતની યાદ દેવરાવી. આશીર્વાદ આપીને વિદાય કર્યો. છોકરો ખુશ થયો. હાથમાં રૂપિયો આવ્યો હતો. આવતીકાલે બીજો એવો રૂપિયો મળશે, અને પરમ દિવસે ત્રીજો, આમ મહિને ત્રીસ રૂપિયા મળવાના છે. અને વર્ષે ત્રણસો પાંસઠ! એ બધા પૈસા લઇને હું શું કરીશ?

આજનો રૂપિયો લઇને હું શું કરીશ? અને આવતીકાલનો રૂપિયો લઇને હું શું કરીશ? કલ્પના કરવા લાગ્યો. અને આવતીકાલનો રૂપિયો લઇને હુ શું કરીશ તેની કલ્પના અને ચિંતામાં આજનો રૂપિયો ખર્ચવાનું ભૂલી ગયો. બીજા દિવસે સવારે તપાસ થઇ... રૂપિયો હજી તેની પાસે હતો. એ લઇ લેવાયો પછી બીજો આપ્યો. યોજના આગળ ચાલી...

સવાયા ગુજરાતી કહેવાતા સ્પેનિશ વ્યક્તિ તેવા ફાધર વાલેસના પુસ્તકનો આ પ્રસંગ છે... તેમની ખાસિયત એ છે કે તેઓ ખૂબ જ સરળ ભાષામાં ઘણી ગૂઢ વાત કરી દે છે. બાપ-દીકરાની વાત કરતા કરતા તેમણે ઘણી મોટી વાત કહી દીધી.

આપણો પણ એક પરમપિતા છે. એમણે પણ એવી યોજના કરી. તેમણે ઘણા પુત્રોની સંભાળ લેવાની હતી. આખી સૃષ્ટિનું સંચાલન કરવાનું હતું. રોજ સવારે દરેક માણસના હાથમાં એક સુંદર, રળિયામણો, ચોવીસ કલાકનો દિવસ આપે. એ દિવસ લઇને માણસ ગમે તે કરે. એના હાથમાં છે. એનો મનફાવે એવો ઉપયોગ કરે. એમાં કામ કરે, આરામ કરે, ઉધમ કરે કે બેસી રહે. તેની મરજી. એનો દિવસ છે. એ ગમે તે રીતે વાપરે.

પણ શરત એટલી કે ચોવીસ કલાક પછી એ દિવસ તેની પાસેથી લઇ લેવામાં આવશે.

ગમે તે ભોગે પણ એ દિવસ તેને પાછો નહીં મળે. બીજી સવારે બીજો દિવસ મળશે, પણ આજનો દિવસ તે આજે મળ્યો અને આજે ગયો. અને ફરીથી આવવાનો નથી. આજનો રૂપિયો તો, ખાસ્સો મજાનો ચોવીસ કલાકનો રૂપિયો હતો... એ આજે વાપરવાનો હતો. અને નહીં તો કાલે એ પાછો લેશે અને બીજે આપશે. એમ કરીને મહિને ત્રીસ દિવસ મળશે અને વર્ષે ત્રણસોને પાંસઠ દિવસ મળશે.

માનવીના હાથમાં એ યોજના આવી અને એ ખુશ થયો. તેને આજનો દિવસ મળ્યો. સૂરજ અને હવા અને સૃષ્ટિ-બધું તેના હાથમાં. બધું એક દિવસ માટે. એનો ઉપયોગ એ કરી શકે. તેનો ઉપભોગ પણ કરી શકે. પણ માનવીની નજર લાંબી મન વિચારશીલ. એટલે એ વિચાર કરવા લાગ્યો કે આજનો દિવસ મળ્યો એ તો ઠીક છે. પણ આવતીકાલે બીજો એવો દિવસ મળવાનો છે તો એ લઇને શું કરવાના છીએ એની યોજના અત્યારથી કરીએ.

કાલે શું કરીશું? આગળ જઇશું ત્યારે શું કરીશું? મોટા થઇશું ત્યારે શું કરીશું? પણ આ બધામાં આજે શું કરીએ અને હજી અહિંયા જ હોઇએ ત્યારે શું કરીએ અને નાના હોઇએ ત્યારે શું કરીએ - એ વાતો રહી જાય છે.

આજનો રૂપિયો આજે, અને આવતીકાલનો રૂપિયો કાલે... અને પરમ દિવસનો રૂપિયો પરમ દિવસે. એ શરત છે અને એ ડહાપણ છે. સામે છે તે જોવાનું, હાથમાં છે તે હાથ ધરવાનું. આજનું તે આજે, અને આવતીકાલનું તે આવતીકાલે.

આપણા એકાઉન્ટમાં રોજ ૮૬,૪૦૦ સેકન્ડ ડિપોઝીટ થયા છે... પરંતુ આ એકાઉન્ટની શરત એ છે કે આ ૮૬,૪૦૦ સેકન્ડ કેરી-ફોરવર્ડ નથી. રોજ આ ૮૬,૪૦૦ સેકન્ડ્સ કાઢી નાખવામાં આવે છે.

જો આ સેકન્ડ્સ કોઇ સારા કાર્યમાં ઉપયોગ ન કરીએ તો એ સમય પાછો નથી આવવાનો.

What's up પર ફરતી 'સમય' પરની કવિતા...

वक्त पर 'वक्त' नहीं...
हर खुशी है लोंगो के दामन में,
पर एक हंसी के लिये वक्त नहीं,
दिन रात दौडती दुनिया में
जिंदगी के लिये ही वक्त नहीं,
सारे रिश्यो को तो हम मार चूके है,
अब उन्हे दफ्नाने का भी वक्त नहीं...
सारे नाम मोबाइल में है
पर दोस्ती के लिये वक्त नहीं...
गेंरो की क्यां बात करे
जब अपनो के लिये वक्त नहीं.
आंखो में है नींद भरी
पर सोने का वक्त नहीं
दिल है गमों से भरा हुआ...
पर रोने का भी वक्त नहीं.
पैसो की दौड में ऐसे दौडे
कि थकने का भी वक्त नहीं
तू ही बता ऐ जिंदगी
इस जिन्दगी का क्या होगा
कि हर पल मरने वांलो को,
जीने के लीये भी वक्त नहीं...

સંગીતની સૌરભસમા ગાયક, કંપોઝર, શીઘ્રકવિ : શ્રી રાજેન્દ્ર જોષી

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જેમને સંગીતનો સમૃદ્ધ વારસો પ્રાપ્ત થયો છે. તેવા યુવાન ગાયક - રાજેન્દ્ર જયંતીલાલ જોષીનો (રાજદેવ) જન્મ કલાનગરી ભાવનગરમાં તા. ૧૬.૦૬.૧૯૫૬ના રોજ થયો છે. માતા તારાબેનના અને પીતા જયંતીલાલના આશિષથી સંગીતવિશ્વમાં કાઢું કાઢયું છે. તેમનો અવાજ ગુજરાતના સીમાડા વટાવી ચૂક્યો છે.

શિહોર મૂળ વતન ધરાવતા આ કલાકારે અભ્યાસાં બી.કોમ. કર્યું છે. ઉપરાંત ઇલેકટ્રીશીયન વિષયનો સર્ટીફિકેટ કોર્ષ પણ કર્યો છે. ભાવનગર જિલ્લાના મહુવા ખાતે તેઓ જનરલ હોસ્પિટલ એમ.એસ.યુ.માં સિનિયર એક્સ-રે ટેકનીશીયન પદે સેવાઓ આપે છે.

તેમની પત્ની શ્રીમતી બીનાબેને બી.એ., બી.એડ્. સુધી અભ્યાસ કર્યો છે અને હાલ તેઓ મહુવાની રાધેશ્યામ સ્કૂલમાં શિક્ષિકાનું પદ શોભાવે છે. બે પુત્રો અને એક પુત્રીના માતાપિતા રાજેશ-બીનાની પુત્રી સુરભિ નામ જેવા જ ગુણ ધરાવે છે. બી.એ. વીથ મ્યુઝિક સંગીત વિશારદની પદ્વીથી વિભૂષિત સુરભી ઇન્ડિયન આઇડોલની સ્પર્ધામાં બોમ્બે ઝોન સુપર સિંગરમાં સ્થાન પામી હતી. ઉપરાંત શ્રેષ્ઠ ગાયિકા તરીકે તેને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

કોમ્પ્યુટર યુગ આજે અનિવાર્ય છે, જરૂરી છે. એમ માનતા રાજેન્દ્ર જોષી વાંચન માટે સમય બચાવી લે છે, રાત્રે વાંચે છે.

'તમસ' તેમને ગમતી ટીવી સિરીયલ છે. શ્રદ્ધાપૂર્વક ઇશ્વરભક્તિ તથા ધર્મ કરે છે. વૈજ્ઞાનિક રીતે શરીર સ્વસ્ત રાખવા ઉપવાસ પણ કરવામાં તેઓ માને છે. જાતે પણ પાઠપૂજા અને ધાર્મિક વિધિ કરતા રાજેન્દ્ર જોષીની વિશેષતા એ છે કે તેઓ શીઘ્ર કવિ છે, શ્રેષ્ઠ કંપોઝર છે. ફિલ્મી ગીતો, લોકગીતો, સંતવાણી, જૈન સ્તવનો અને ગઝલો એક અનોખી શૈલીથી પ્રસ્તુત કરવામાં શ્રી જોષી માહિર છે.

બંગાળ, ઓરિસ્સા, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સંખ્યાબંધ સન્માન પ્રાપ્ત કાર્યક્રમો રજૂ કરી ચૂકેલા આ કલાકાર મલ્ટીપલ અવાજના માલિક છે અને વળી સ્વતંત્ર કાર્યક્રમો આપે છે.

તેમના સુખદ સંભારણાઓ વાગોળતા તેઓ કહે છે કે, '૧૯૮૪થી ૧૯૯૫ સુધી પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં નવરાત્રિ ઉત્સવમાં મને મહુવા ખાતે મુખ્ય ગાયક તરીકે સ્થાન પ્રાપ્ત થયું. તેને મારું સદ્ભાગ્ય ગણું છું.' હાલ પણ તેઓ પૂ. બાપુ સાથે સંકળાયેલા છે.

રાજેન્દ્ર જોષી કિશોરકુમારના ગીતોને આગવી છટાથી પેશ કરે છે. ઇશ્વર પર અપાર શ્રદ્ધા છે અને સમાજમાં સમૂહ લગ્ન કરાવી ખોટા ખર્ચાથી, દેકાડાથી સમાજને બચાવવો અને લોકોની સેવા, સુંદર કાર્યો કરવાની તેમની પ્રબળ ઇચ્છા છે.

જીવન સ્વપ્નની ફલશ્રુતિ પછીનું મનન - ચિંતન રજૂ કરતા જોષી કહે છે કે, "આનંદની અંતર અનુભૂતિ થાય, સંતોષ થાય તેવું કામ કરતા રહેવું છે."

પૂ. મોરારિબાપુના ચરિત્ર ઉપર 'સંતના શરણે' નામક ભજનો બાપુએ આપેલા 'રાજદેવ' ના નામે બનાવ્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા.

રાજેન્દ્ર જોષીને પ્રસિદ્ધ ભજનગાયક સ્વ. મુગટલાલ જોષીના આશિષ મળેલા છે. જોષી અચ્છા રેડિયો, ટીવી કલાકાર છે. તેમની પ્રાદેશિક કક્ષાની ટેલીફિલ્મોમાં ૧૯૯૨માં 'પ્રતિક્ષા' અંતર્ગત ટેલિફિલ્મ દિલ્લી દૂરદર્શન ઉપરથી અનેકવાર પ્રસારિત થઇ છે. જેમાં માર્કેટ યાર્ડ, નશાબંધી, દહેજપ્રથા જેવા વિષયો નોંધનીય છે. 'આવ તને ઉલ્લુ બનાવવું'(માનવ ઉદારતા માટે), 'ઉઘડે અંતરનાં દ્વાર' (અંધશ્રદ્ધા ઉપર) (૧૯૮૯-૯૦) ડોક્યુમેન્ટરી પણ બનાવી છે. જે અમદાવાદ રાજકોટ દૂરદર્શન ઉપરથી પ્રસારિત થઇ હતી.

કલાક્ષેત્રના ઉમદા વ્યક્તિત્વ ધરાવતા નમ્ર, મિલનસાર, સંવેદનશીલ રાજેન્દ્ર જોષી